### શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક દ્વારા

# કારકિર્દી અને ઓનલાઈન એડમિશન પ્રક્રિયા અંગેનું ઓનલાઈન માર્ગદર્શન


ગાંધીનગર, તા. ૧૧


ધોરણ ૧૦નું રિઝલ્ટ આવ્યા પછી હાલની પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓ અને વાલીઓને સૌથી મોટો મૂંઝવતો સવાલ છે કે હવે કારકિર્દી માટે શું કરવું? આ માટે ગાંધીનગર શહેરમાં આવેલ શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક દ્વારા youtube પર ઓનલાઈન વેબસિરીઝ શરૂ કરવામાં આવી છે. ઓનલાઈન વેબસિરીઝ દ્વારા હવેના આત્મનિર્ભર ભારતની અંદર કઈ રીતે ભાવી પેઢીને સરળતાથી કૌશલલક્ષી ડિપ્લોમા એન્જિનિયરિંગ કોર્સ કરી, કઈ રીતે આત્મનિર્ભર કરી શકાય તે માટેની વિસ્તૃત માહિતી આપતા ઓનલાઈન પ્રોગ્રામ એક સપ્તાહ ચાલનાર છે. હાલની પરિસ્થિતિને કારણે સોશિયલ distance જાળવવા માટે વાલીઓ હોલ કે કોલેજમાં માહિતી લેવા જતા અચકાય છે, ત્યારે ઘેર બેઠા ઈજનેરી કોર્ષ ની સંપૂર્ણ માહિતી આપવાના આ પ્રયાસને વાલીઓ દ્વારા બિરદાવવામાં આવી રહ્યો છે. હાલની પરિસ્થિતિ મુજબ જો વિદ્યાર્થી ધોરણ ૧૨માં ઓછું પરિણામ આવતા હતાશ થઈ જાય અને મનગમતી શાખામાં પ્રવેશ ન મળે તેવી પરિસ્થિતિ નિર્માણ ન થાય, તે હેતુથી ડિપ્લોમા એન્જિનિયરિંગ કરવાની સલાહ નિષ્ણાતો દ્વારા આપવામાં આવે છે.

ભારત સરકાર દ્વારા એમ.એસ.એમ.ઈ, આત્મનિર્ભર અને startup policy હેઠળ નવા ઉદ્યોગ ધંધા માટે યુવાઓને આર્થિક સહાય આપી પગભર કરવામાં આવે છે. આવનારા સમયમાં ગુજરાત જ્યારે ઉદ્યોગ-ધંધાનું હબ બનવા જઈ રહ્યું છે ત્યારે ડિપ્લોમા અને iti જેવા કૌશલ્યવર્ધન પ્રોગ્રામ કરવાથી ભાવિ યુવાઓને પગભર થવાની અમૂલ્ય તક છે. ડિપ્લોમા કરવાથી વાલીઓની આર્થિક ભારણ ઓછું થશે. આવનારા ૧૦ વર્ષમાં ગુજરાતમાં નવી ટેકનોલોજી જાણનારા ૨૦ લાખથી વધુ એન્જિનિયર ની ઘટ પડવાની છે, ત્યારે કોરોનાની મહામારી વચ્ચે ઘેરબેઠા સાચી અને સચોટ માહિતી આપવાનો કોલેજ દ્વારા પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ સિરીઝમાં નિષ્ણાતો દ્વારા એન્જિનિયરિંગ શું છે અને તેનું ભવિષ્ય, ડિપ્લોમા એન્જિનિયરિંગ શા માટે, દરેક એન્જિનિયરિંગ શાખાઓની વિસ્તૃત માહિતી અને ઓનલાઈન એડમિશન પ્રક્રિયા કેવી રીતે થશે તેની માહિતી આપવામાં આવશે. સંસ્થા ખાતે હેલ્પ સેન્ટર ખોલી કોમ્પ્યુટર અને ઈન્ટરનેટ દ્વારા ઓનલાઈન એડમિશન પ્રક્રિયા માટે મદદ કરવામાં આવશે. હેલ્પલાઈન નંબર વડે વોટ્સએપ અને મેસેજ દ્વારા દરેક મૂંઝવણનો જવાબ આપવામાં આવે છે. વધુમાં ગુરુકુળના સંતો દ્વારા ધોરણ ૧૦માં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ અને ભવિષ્યમાં કુશળ એન્જિનિયર બની સમાજમાં માતા-પિતા અને કુટુંબનું નામ રોશન કરે તેવા શુભાશિષ પાઠવવામાં આવ્યા હતા.

# એસ. કે. પટેલ સ્કૂલમાં 'બ્લ્યુ ડે' સેલિબ્રેશન યોજાયું






ગાંધીનગર, તા. ૧૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ કે પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ઓનલાઈન કલાસમાં 'બ્લૂ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોએ બ્લૂ રંગના વસ્ત્ર પહેરી તથા તેમના બ્લૂ રંગના રમકડાં લઈને ખુબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બાળકોની સાથે તેમના વાલીઓએ પણ બાળકોમાં ઉત્સાહમાં ઉમેરો કરી 'બ્લ્યુ ડે'માં તેમનો ખુબ જ સારો સહકાર આપ્યો હતો.

### બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે

# 'ASP.NET Core' વિષય પર વેબિનાર યોજાયો




વલ્લભ વિદ્યાનગર, તા. ૧૧

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઈન્ડિયા (કોમ્પ્યુટર એન્જી.,સ્ટુડન્ટ બ્રાન્ચ) દ્વારા તા.૦૭/૦૬/૨૦૨૦ ના રોજ "ASP.NET Core" વિષય પર વેબિનાર યોજાયો.જેમાં એકસપર્ટ તરીકે મિતેષ પટેલ (માઈક્રોસોફ્ટ ટેકનોલોજીસ) ઉપસ્થિત રહ્યા હતા.તેમણે ફંડામેન્ટલ્સ ઓફ **ASP.NET Core,** ઓનલાઈન રીસોર્સીસ ફ્રોમ MSDN,ASP.NET તથા ASP.NET Core નો તફાવત,સેટ અપ ડેવલપમેન્ટ, MVC એપ્લિકેશન વિષે રસપ્રદ માહિતી આપી હતી.

સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે જણાવ્યું હતું કે ચારુતર વિદ્યામંડળના યુથ ડેવલપમેન્ટના વિઝન અંતર્ગત બીવીએમ તેના મિશન અને વિઝન 'ટુ પ્રોડ્યૂસ ગ્લોબલી એમ્પલોયેબલ ઈનોવેટિવ એન્જીનીયર્સ વિથ કોર વેલ્યુઝ' પર સતત કાર્યશીલ રહેવાં માં બીવીએમ ના કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઈન્ડિયા, IEEE,IEI,ISTE સ્ટુડન્ટ ચેપટર્સ નું મહત્વ નું યોગદાન રહ્યું છે તથા વર્તમાન સમય ના ટેકનોસેવી વિદ્યાર્થીઓ ની કારકિર્દી ના ઘડતર માટે COVID-19 લોકડાઉનની શરૂઆત થી જ ઓનલાઇન એજ્યુકેશનમાં બીવીએમ પાયોનિયર રહ્યું છે. કોમ્પ્યુટર એન્જીનીયરીંગના વડા ડૉ.દર્શક ઠાકોરે સૌનું અભિવાદન કર્યું હતું તથા ઉપરોક્ત વેબિનારના ઓઉટકમ વિષે માહતી આપી હતી ઉપરાંત તેમણે રાજ્ય ની પ્રથમ ઓટોનોમસ સંસ્થા બીવીએમ ખાતે TEQIP-II,TEQIP-III પ્રોજેક્ટ્સના સફળ ઈમ્પ્લિમેન્ટેશન વિષે માહિતી આપી હતી.

સમગ્ર વેબિનાર નું સંચાલન પ્રો.પ્રણય પટેલ (કોર્ડીનેટર) તથા ડૉ.એન.એમ. પટેલ (ફેકલ્ટી એડવાઈઝર, **CSI BVM,** સ્ટુડન્ટ બ્રાન્ચ ) એ કર્યું હતું તથા સ્ટુડન્ટ કોર્ડીનેટર્સ જિમી પાનસુરીયા,કોમલ ટંકારીયા, ધ્રુવિલ કોટેચા એ વેબિનાર ને સફળ બનાવવાં માટે ઉત્સાહપૂર્વક કામગીરી હાથ ધારી હતી.ઉપરોક્ત ઈવેન્ટમાં ૭૦ થી વધારે વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો એ ભાગ લીધો હતો તથા વેબિનારનું લાઈવ સ્ટ્રીમિંગ CSI BVM SB YouTube Channel પર મુકવામાં આવ્યું હતું. ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારો એ શુભેચ્છા વ્યક્ત કરી હતી.








ગાંધીનગર જિલ્લામાં અને શહેરમાં ધન્વંતરિ આરોગ્ય રથ દ્વારા કામગીરી શરૂ થઈ ગઈ છે. કોરોનાથી બચવા આયુર્વેદિક સશમની વટી તથા હોમીયોપેથીક દવા આર્સેનિક આલ્બમ ૩૦નું પણ વિતરણ કરવામાં આવશે. તાવના દરદીઓને મેરેરિયાની તપાસ સ્થળ પર જ કરી આપવામાં આવશે. સાથે કોવીડ-૧૯ અને વાહકજન્ય રોગો અંગેની પત્રિકાઓ વિતરણ કરી જનજાગૃતિ ફેલાવવામાં આવશે.

## ડાયરેક્ટ ❤ સે

સ્વપ્ન એટલે પગથિયાં વિનાની સીડી અને ધ્યેય એટલે નિશ્ચિત કરેલાં પગથિયાં...

## જન્મદિને વધામણી



દક્ષાબેન જે શ્રીમાળી
મો. ૯૩૨૭૯ ૯૩૯૦૮



આશિષકુમાર જે બરંડા



માનવ વિપુલકુમાર રાઠોડ



જ્યોતિબેન ઠક્કર
લાયોનેસ ક્લબ



ધ્રુવી રશ્મિકાંત પટેલ
મો. ૯૯૨૫૪ ૭૦૧૧૬

# વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસ

**પ્રસંગસર**
**જીગર એસ. બારોટ**

બાળક એટલે માતા પિતાના શરીરની બહાર હરતું ફરતું તેમનુ હૃદય. બાળક હોવાની લાગણી કોઈ શબ્દોમાં વર્ણવી શકાતી નથી. બાળકનુ બાળપણ એ રમવા, હરવા-ફરવા અને સારુ શિક્ષણ મેળવવા માટે હોય છે. પરંતુ જે માતા બાળકને જન્મ આપતા અસહ્ય પીડા ભોગવે છે અને તે પોતાના બાળકનું મુખ જોતાં જ તેનું તમામ દુઃખ ભૂલી જાય છે તે જ માતા પોતાની ખરાબ આર્થિક પરિસ્થિતિ ને કારણે પોતાના હૃદય ઉપર પથ્થર મુકીને પોતાના બાળકને મજૂરી કરવા મોકલે છે. અમીર કે મધ્યમ વર્ગના બાળકોનું જીવન એકંદરે સારું હોય છે પણ એક ગરીબ મજૂરનું બાળક કદી સામાન્ય જીવન જીવી શકતુ નથી. તેનુ અમુલ્ય બાળપણ મજૂરી કરવામા જ પસાર થઈ જાય છે. એટલે જ બાળ મજૂરી અટકાવવા તથા જાગૃતિ અને સક્રિયતા લાવવાના હેતુસર દર વર્ષે આંતરરાષ્ટ્રીય લેબર ઓર્ગેનાઈઝેશન (આઈએલઓ) દ્વારા ૧૨ જૂન ના દિવસને વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસ તરીકે મનાવવામા આવે છે. જેનો પ્રારંભ ઈ.સ. ૨૦૦૨ માં કરવામાં આવ્યો હતો. આઈએલઓ નુ લક્ષ્ય વર્ષ ૨૦૨૫ સુધીમાં બાળ મજૂરી સમાપ્ત કરવાનુ છે.

બાળ મજૂરી એટલે શું?

બાળ મજૂરી એટલે નિયત વય કરતા ઓછી વયના બાળકોને તેમના બાળપણથી વંચિત રાખી તેમની શારીરિક અને માનસિક વિકાસ માટે હાનિકારક બનતી ઘટના. દર વર્ષે સેંકડો બાળકો તેમના માતાપિતાને આજીવિકા મેળવવામાં મદદ કરવા માટે શાળા છોડી દે છે અને બાળ મજૂરી તરફ વળી જાય છે.

બાળ મજૂરી પાછળના કારણો

- બાળ મજૂરી પાછળ ગરીબી એ સૌથી મોટું એક કારણ છે. ગરીબ પરિવારો માટે બાળકના કામથી થતી આવક સામાન્ય રીતે પોતાનુ જીવન ટકાવી રાખવા માટે મદદરૂપ થતી હોય છે.
- પોષણક્ષમ શાળાઓ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ જેવા વિકલ્પોનો અભાવ. ગ્રામીણ વિસ્તારોમાં પૂરતી શાળાઓની સુવિધા હોતી નથી. શાળાઓ કેટલીકવાર ઉપલબ્ધ હોય છે પણ તે ખૂબ જ દૂર હોય છે.
- વિશ્વના કેટલાક દેશોમા સાંસ્કૃતિક પરંપરા મુજબ વર્ષોથી વિવિધ કાર્યો કરવા માટે બાળકો નો ઉપયોગ થતો હોય છે.
- કેટલાક ગુનાહિત સંગઠનો દ્વારા ગેરકાયદેસર પ્રવૃતિઓને આચરવા માટે બાળકો નો ઉપયોગ થતો હોય છે.

વિશ્વના સૌથી ગરીબ તથા ઓછી આવક ધરાવતા દેશોમાં, ચારમાંથી એક બાળક બાળ મજૂરીમાં રોકાયેલુ હોય છે. આફ્રિકા, એશિયા અને પેસિફિક ક્ષેત્રોમાં બાળ મજૂરીનો દર ખુબ ઉંચો છે. બાળ મજૂરી મુખ્યત્વે ઔદ્યોગિક, કૃષિ, માછીમારી, વનીકરણ, પશુધન, અને ખાણકામમાં થાય છે.

બાળ મજૂરી વિરોધી કાયદા

બાળ મજૂરી અંગેના કાયદાઓનો આવરી લેતા ફેક્ટરી કાયદાઓ ૧૯ મી સદીમાં યુકેમાં પસાર થયા હતા. ભારતમા બાળ મજૂર (નિષેધ અને નિયમન) અધિનિયમ ૧૯૮૬ માં લાગુ કરવામાં આવ્યો હતો. આ કાયદા મુજબ, અમુક ચોક્કસ જોખમી વ્યવસાયો અને પ્રક્રિયાઓમાં બાળકોને રોજગાર પર પ્રતિબંધિત મૂકવામાં આવ્યો હતો. આ કાયદાને ૨૦૧૬ માં સુધારો કરવામાં આવ્યો હતો જેમાં તમામ રોજગારમાં ૧૪ વર્ષથી નીચેના બાળકોના રોજગાર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. ૧૮ વર્ષથી ઓછા વયના બાળકો એવી સુવિધામા કામ કરી શકતા નથી જે તેમની સલામતી, આરોગ્ય અથવા નૈતિકતાને જોખમમાં મુકાતી હોય. આ કાર્યમાં ખાણકામ, ભારે મશીનરીનું સંચાલન વગેરે નો સમાવેશ થાય છે. ૧૪ વર્ષથી વધુની ઉંમરના પરંતુ ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને દિવસમાં પાંચ કલાકથી વધુ કામ કરવાની છૂટ આપવામાં આવતી નથી. જુવેનાઈલ જસ્ટીસ (કેર અને પ્રોટેક્શન) ચિલ્ડ્રન એક્ટ મુજબ રોજગારના હેતુથી બાળકને બંધનમાં રાખવુ તે સજાપાત્ર ગુનો બને છે. શિક્ષણનો અધિકાર, ફેક્ટરી એક્ટ, માઈન્સ એક્ટ જેવા અનેક કાયદાઓ છે જે બાળ મજૂરી વિરોધી છે.

બાળ મજૂરીની સમસ્યા કોઈપણ દેશ માટે એક પડકારરૂપ છે. ભારત સરકાર પણ આ સમસ્યાનો સામનો કરવા માટે વિવિધ સક્રિય પગલાં લઈ રહી છે. પરંતુ આ સમસ્યા ગરીબી અને નિરક્ષરતા સાથે સંકળાયેલી એક સામાજિક તથા આર્થિક સમસ્યા છે, તેથી તેનુ નિવારણ લાવવા સમાજના તમામ વર્ગના પ્રયત્નો ખુબ જરૂરી છે.




# સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનું આકર્ષક પ્લેસમેન્ટ

ગાંધીનગર, તા. ૧૧

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ના વિદ્યાર્થીઓ માટે ડિજિટલ ટેક્નોલોજીના માધ્યમ દ્વારા હાલ અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓને ઓનલાઈન પ્લેટફોર્મનો ઉપયોગ કરીને અભ્યાક્રમ ફેક્લટી મેમ્બર્સએ પૂરો કરાવ્યો છે. અત્યાર સુધી કુલ ૬૦૦૦ થી વધુ ઓનલાઈન સેશન લેવાઈ ચુક્યા છે. યુનિવર્સિટી નાપ્લેસમેન્ટ વિભાગના વડા શ્રી નિમિશ દવે એ જણાવ્યું, હતું તેઓએ ૪૦ થી વધારે કંપનીના સીઈઓ અને સીનીઅર મનેજમેન્ટ લેવલના કંપનીના અધિકારીઓને એક્સપર્ટ સેસન મારફતે ઓનલાઈન માધ્યમ દ્વારા બોલાવ્યા હતા. નિષ્ણાતો એ લાઈવ પ્રોગ્રામિંગ શીખવ્યું જેથી વિદ્યાર્થીઓને આ લોકડાઉનના સમય માં ઘરે બેસીને પોતાનું ટેક્નિકેલ જ્ઞાન વધારામાં ઘણી અનુકૂળતા રહી હતી. તેઓ એ વધુ માં જણાવ્યું હતું અમે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર ખુબ ભાર મુકીયે છીએ. કૉમ્યૂનિકેશન, પર્સનાલિટી ડેવલપમેન્ટ, ટેક્નિકલ એન્ડ મેનેજમેન્ટ સ્કિલ્સ, એચઆર મેનરિઝમ, ટાઈમ મેનેજમેન્ટ, બિઝનેસ કોમ્યુનિકેશન, ટીમ મેનેજમેન્ટ કુશળતાઅને અન્ય સંચાલન સંબંધિત કુશળતા વિગેરે વિદ્યાર્થીઓ ના રેગ્યુલર ભણતર સાથે અમે સાંકળી લીધું છે. યુનિવર્સિટી દ્વારા કોર્પોરેટમાં ઈન્ટર્નશિપ, મજબૂત ઉદ્યોગ જોડાણો અને સંશોધન લક્ષી અભિગમ પર વધુ ને વધુ ધ્યાન કેન્દ્રિત કરીયે છીએ જેથી વિદ્યાર્થીઓ અર્થતંત્રની ઉભરતી જરૂરિયાતોને પહોંચી વળવા બહુરાષ્ટ્રીય કંપનીઓમાં તેમનું સ્થાન સુરક્ષિત કરી શકે.

શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં, અત્યાર સુધી ૮૦ થી વધુ કંપનીઓ એ મુલાકાત લીધી હતી જેમાં પેટીએમ, ટીસીએસ, જારો એજ્યુકેશન, ઈટેક જેવી જાણીતી કંપનીઓ નો સમાવેશ થાય છે તેઓ અને ૮૫ ટકાથીવધારે વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ મળી ગયુંછે. હજી ૪૦ થી વધારે કંપનીઓ જેમ કે સેમસંગ, એમેઝોન, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, હીરો જેવી વેઈટિંગમાં છે અને તેમને સ્કાય પે અને ઝૂમ પ્લેટફોર્મ દ્વારાપોતાનીપ્લેસમેન્ટપ્રોસેસકરવાવિદ્યાર્થીઓનેજણાવ્યુંછે. સૌથી વધુ પેકેજ અત્યાર સુધી રૂ. ૧૦.૦૦ લાખ અને સરેરાશ પેકેજ ૩.૧૪ લાખ છે.

સ્વર્ણિમ યુનિવર્સિટી નો મિકેનિકલ એન્જિનિરીંગ શાખાનો વિદ્યાર્થી સિદ્ધાંત સિંહ જેનું BYJU' જમાં પ્લેસમેન્ટ થયું છે તેમને જણાયું કે, સ્વર્ણિમ યુનિવર્સિટી ના સતત કોર્પોરેટ સાથેના સંકલન, પ્રેક્ટીકેલ ટ્રેનિંગ ના લીધે અને યુનિવર્સિટીના ફેક્લટી મેમ્બર્સ દ્વારા સતત ટેક્નિકલ અને મેનેજમેન્ટ શાખાનું માર્ગદર્શન મળવા ને લીધે મને ઘણો જ ફાયદો થયો છે. યુનિવર્સિટીના પ્લેસમેન્ટ ડીપાર્ટમેન્ટના પ્રેક્ટીકલ રોજગાર અને સ્ટાર્ટઅપ ટ્રેનિંગ દ્વારા મારુ આવી સારી કંપનીમાં પ્લેસમેન્ટ થયું છે.